# વિશ્વના વિવિધ દેશોમાં જઈ વસેલી કાંઠા વિભાગની સાહસિક પ્રજાનો સંક્ષિપ્ત ઈતિહાસ

• મગનભાઈ બી. કરાડિયા

અમારા પૂર્વજો ખૂબ જ સાહસિક હતા, તેઓ ક્યાંથી સ્થળાંતર કરી દક્ષિણ ગુજરાત માંહેના આ કાંઠા વિભાગીય પ્રદેશમાં આવ્યા, તે એક સંશોધનનો વિષય છે. પરંતુ કેટલાક મનીષીઓએ આ સંબંધે તારણ કાઢ્યું છે, તે સંદર્ભે, મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોશી નોંધે છે કે અગાઉ ચાંપાનેર ગુજરાતનું શક્તિશાળી સમૃધ્ધ રાજ્ય હતું. તેની પડતી આવતાં તે તૂટ્યું અને તેનું દરિયાઈ શૈન્ય સુરતના કાંઠા વિસ્તારમાં જઈ વસ્યું, તે આ પ્રજા છે. આવી જ એક બીજી પ્રાગૈતિહાસિક દંતકથા છે. હિંદુ સંસ્કૃતિનું ઉગમ સ્થળ સિન્ધુ નદીનો ખીણ પ્રદેશ છે. આ સિંધ પ્રદેશમાંથી જે પ્રજાએ સ્થળાંતર કર્યું, તેઓ પોતાની સાથે કૂળદેવી સિંધવા માતાને લઈ આવ્યા. આ સિંધવા માતાની સ્થાપના તેઓએ પૂર્ણા નદીના મુખ પાસે કરી, જે સ્થળ આજે સિંધવાઈ નામે જાણીતું છે. આજે પણ શ્રધ્ધાળુઓ આ મંદિરે પૂજા અર્ચના કે માનતા બાધા ચઢાવવા આવે છે.

આ વિસ્તારમાં ખેતી અને વહાણવટુ આવકનું સાધન હતું. પરંતુ ખેડવા માટે પર્યાપ્ત જમીન નહોતી. આથી આવક માટે આમાંથી કેટલાક વહાણવટા તરફ વળ્યા. અરબી સમુદ્રમાં દક્ષિણ ભારતના બંદરોએ આ પ્રજાનાં વહાણો નાગરતાં, અને માલની હેરાફેરી કરી આર્થિક ઉપાર્જન કરી લેતા. યંત્ર વગરના, પવનથી ચાલતાં વહાણોમાં સાગર પાર માલની હેરાફેરી કરતા. આ કામ ઘણું જોખમી અને ખતરનાક હતું. પરંતુ આ સાગર-સાવજ સાહસિક વડવાઓ દરિયા ખેડવામાં પાવરધા હતા.

બ્રિટિશ આગમન સાથે સંજોગો બદલાયા, ૧૮૫૦માં અરબી સમુદ્રની લગોલગ તેઓએ રેલવે લાઈન નાખી. પરિણામે વહાણવટુ પડી ભાંગ્યું. આથી લોકો બાંધકામના વ્યવસાય તરફ વળ્યા. વિધિની વક્રતા તો જૂઓ : જે રેલવેએ તેમનો વ્યવસાય છીનવી લીધો હતો તે રેલવેના બાધકામમાં તેઓ રોજીરોટી માટે કામ કરવા લાગ્યા ! દેશના વિવિધ ભાગોમાં, કેટલાક વળી પેટા કોન્ટ્રાક્ટર તરીકે કામ કરવા લાગ્યા તો કેટલાક દરિયાપાર વિદેશોના અજાણ્યા પ્રદેશમાં જઈ વસ્યા. તેમાં બ્રહ્મદેશ, ફિજી, ઈરાક, દક્ષિણ આફ્રિકા અને પૂર્વ આફ્રિકાના દેશો ઉપરાંત ન્યુઝીલેન્ડ, ઈંગ્લેન્ડ, બ્રાઝિલ તથા વેસ્ટ ઈન્ડિઝના ટાપુઓ મુખ્ય છે.

**બ્રહ્મદેશ :** બ્રહ્મદેશ - મ્યાનમારા ભારતનો પાડોશી દેશ અને એક વખતનો ભારતનો એક ભાગ. બર્મા રેલવે અને રેલવેના પુલના નિર્માણ-બાંધકામમાં આ લોકોનું યોગદાન ઘણું મોટું છે. કાંઠા વિસ્તારના લોકો જ રેલવેના પેટા કોન્ટ્રાક્ટરો હતા. બીજા વિશ્વ યુધ્ધ વેળા જાપાને નષ્ટ કરેલા પુલો અને રેલવે લાઈનનું ફરીથી બાંધકામ આ માણસોએ જ કર્યું છે. તેમાં આટ ગામના લખુભાઈ બુધીઆ અને ખંડુભાઈ મંગાભાઈને આ કામ મળ્યાં હતાં. બીજા વિશ્વ યુધ્ધ દરમ્યાન બ્રહ્મદેશ, સિંગાપોરમાં વસતા આ વિસ્તારના ભાઈઓ નેતાજી સુભાષ ચંદ્ર બોઝની આઝાદ હિન્દ ફોજમાં જોડાઈ રાષ્ટ્ર પ્રેમનો ખુમાર વ્યક્ત કર્યો હતો. તેમાં દેલવાડા-ભીનારાના પાંચ ભાઈઓ હતા.

**ફિજી :** ૧૯૭૮માં બ્રિટિશ સરકારે ફિજીમાં ભારતીય વસાહતી માટે છૂટ આપતી નવી નીતિ અપનાવી, તેથી મોટી સંખ્યામાં ભારતીયો ફિજીમાં વસવાટ કરી શક્યા. તેમાં પંજાબીઓની સંખ્યા વિશેષ છે. જે બધા કોલકતાથી જહાજ વાટે ફિજી પહોંચ્યા હોય, તેથી આ માર્ગ તે વેળા વધુ વપરાશમાં લેવાતો. શરૂઆતમાં કાંઠા વિસ્તારમાંથી અનેક લોકો ફિજી ગયેલા, અને તેમાંથી કેટલાકે ન્યુઝીલેન્ડ સ્થળાંતર કરેલું. તેમાં કરાડીના સુખાભાઈ ગોંસાઈ એક હતા.

**દક્ષિણ આફ્રિકા :** દક્ષિણ આફ્રિકા જનારા પ્રથમ હિન્દીઓમાં મદ્રાસીઓ મુખ્ય હતા. પાછળથી ગુજરાતીઓ ગયા તેમાં આ વિસ્તારના ભાઈઓ હતા, જેમાં મુસ્લિમ ભાઈઓની સંખ્યા ય મોટી હતી. કાંઠા પ્રદેશના ભાઈઓમાં વેળાવળના ગોપાળભાઈ ડાહ્યાના દાદા વલ્લભભાઈ પરસોત્તમભાઈ ૧૮૭૫માં જહાજમાં કલકત્તાથી પ્રથમ ડરબન ગયા હતા. બાદ ગોપાળભાઈના પિતા ૧૯૧૪માં મુંબઈથી જોહાનિસબર્ગ ગયા, અને ગોપાળભાઈ ડાહ્યા પોતે ૧૯૩૭માં જોહનિસબર્ગ ગયેલા. એમણે કરાડીના જસમતભાઈ નાનાની દુકાનમાં મેનેજર તરીકે કામ શરૂ કર્યું, તે વખતે જસમતભાઈ નેલ્સન મંડેલા સાથે ગોરી સરકારની રંગભેદની નીતિ સામેની લડતમાં પ્રવૃત્ત હોઈ બન્નેએ સાથે જેલવાસ ભોગવ્યો હતો.

આ લોકોએ દુકાનો શરૂ કરી અને ટેલરીંગનો વ્યવસાય પણ વિકસાવ્યો. પરંતુ મુશ્કેલીઓમાં મેમણ તથા વોરા ભાઈઓ વેપાર ધંધામાં અગ્ર સ્થાને હતા. મુસ્લિમ વેપારી શેઠ અબદુલ્લાનો કેશ લડવા બેરિસ્ટર મોહનદાસ કરમચંદ ગાંધી (મહાત્મા ગાંધી) ૧૮૯૩ની સાલમાં દક્ષિણ આફ્રિકા ગયા, ત્યાં એમને રંગભેદ અને જાતિભેદનો જે કડવો અનુભવ થયો, તેની સામે ન્યાય માટે જ ઝૂંબેશ ઉપાડી તે તો વિશ્વ પ્રસિધ્ધ છે. આ આંદોલનમાં કાંઠા વિસ્તારનાં ભાઈ બહેનો સામેલ થઈ ગાંધીભાઈને જે સહયોગ આપ્યો, તેથી બ્રિટિશ શાસકો સામે ઝીક લેવાની તેમની શક્તિને ગાંધીભાઈએ પિછાણી. તેમની નિષ્ઠા અને વફાદારી, તેમની શૌર્યતાભરી ન્યૌચ્છાવર ભાવનાનો ગાંધીભાઈને પરિચય થયો, જે નમક સત્યાગ્રહ માટે દાંડીની પસંદગીમાં પ્રભાવક નીવડ્યું.

દક્ષિણ આફ્રિકાના આંદોલનમાં મટવાડના નાના સીતા, કરાડીના જસમત નાના અને આટ ગામના ફકીરાની ગાંધી-ભક્તિ, ગાંધી-નિષ્ઠા અને સમર્પિત ભાવના તો દાદ માંગે. આ ફકીરા તો, ૧૯૧૫માં, ગાંધીજીની સાથે, કાયમને માટે, આફ્રિકાનો હક છોડી ભારત આવતા રહ્યા હતા. આફ્રિકાના આંદોલનમાં ભાગ લેવા રૂપતળાવ-આટના મણિબહેને ૨૨ વર્ષ, તથા કરાડીના નારણભાઈ જસમત નાનાએ ૧૮ વર્ષ કારાવાસમાં ગાળ્યાં. આવાં તો કેટલાયે સ્વાતંત્ર્યસેનાનીઓ દક્ષિણ આફ્રિકામાં થઈ ગયાં. બીજી બાજુ, ભાટપોરના શહીદ વીર ડાહ્યાભાઈ ગોવિન્દજીભાઈ શહાદતને વર્યા એ જેવી તેવી કુરબાની નથી ! આજે મટવાડગામમાં કરાડી-માટવાડના શહીદોનું જે સ્મારક રચાયું છે, તેના પ્રણેતા તો દક્ષિણ આફ્રિકાના જસમતજી નાના જ છે. (આ સ્મારક માટે સન ૧૯૫૭માં, યુનાઈટેડ કિંગ્ડમ.માં પણ ફાળો એકત્ર કરવામાં આવેલો. તેની સમિતિમાં કામ કરવાનો લ્હાવો મને મળેલો. યુનાઈટેડ કિંગ્ડમમાંનો આ પ્રથમ જાહેર ફાળો છે.)

વેળાવળના ભાણાભાઈ ભગાભાઈ દરિયાવદિલી દાતા અને સામાજિક કાર્યકર્તા. તેમની સાથે કરાડીના મીઠાભાઈ સુખા ડેધા તથા નરસિંહભાઈ દેલવાડિયા તેમ જ વાંસી બોરસીના ભાણાભાઈ કાનજી વગેરે પણ પાયાના કાર્યકર્તાઓ હતા. સૌમાં આવડા ફળિયા, મટવાડના છોટુ મકન તથા રૂપન તળાવ, આટના ઈચ્છુભાઈનાં નામો રાષ્ટ્રીય સ્તરે વિશેષ ઉભરી આવ્યાં છે. ઈચ્છુભાઈ તો આજે ત્યાંની નેશનલ પાર્લામેન્ટના સભ્ય પણ છે. છોટુ મકન તો આઝાદીના લડવૈયા. તેમણે આફ્રિકાના યુથ નેશનલ કોંગ્રેસમાં રહી નેલ્સન મંડેલાની, રંગભેદી શાસનમાં ગ્રુપ એરિયા એક્ટ - ૧૯૬૦ સામેની લડાઈમાં, પણ જસમત નાના, રામલાલ ભૂલિયા સહિતના ભારતીય મૂળના આગેવાનો સાથે સત્યાગ્રહ આંદોલનમાં ભાગ લીધો હતો. યુથ નેશનલ કોંગ્રેસની પ્રવૃત્તિ દરમ્યાન તેઓ પકડાઈ જતાં તેમને ડરબનમાં જેલવાસ ભોગવ્યો હતો. આવી અનેક પ્રવૃત્તિના તેઓ આગેવાન કાર્યકર્તા રહ્યા છે, અને એ રીતે છોટુ મકન અને ગોપાલ ડાહ્યા બન્ને નેલ્સન મંડેલા તથા વોલ્ટર સિસુલુના ગાઢ સંપર્કમાં રહ્યા હતા. છોટુ મકન દક્ષિણ આફ્રિકામાં પ્રથમ ભારતીય પાયલોટ હતા. ગાંધીજીના દક્ષિણ આફ્રિકાનાં સત્યાગ્રહનું જન્મસ્થાન ટોલ્સટોય ફાર્મ નામશેષ થવા માંડ્યું છે તેને જીવંત કરવા છોટુ મકન અને ગોપાલ ડાહ્યા વગેરે આજે સક્રિય છે. સ્થાનિક મુસ્લિમોનાં આર્થિક સહયોગથી ટૉલ્સટોય ફાર્મમાં બે વખત કથા - હવન થયા, જે સાત સમંદર પાર કોમી એકતાની મ્હેક છે. જેમાંથી આપણે બોધપાઠ લેવા જેવા છે.

૧૯૧૫-૧૬ની સાલમાં, દક્ષિણ આફ્રિકાના 'ટ્રાન્સવાલ કોળી હિત વર્ધક મંડળે' આફ્રિકામાં મોટો ફંડ-ફાળો એકત્ર કરી નિર્ધાર કર્યો કે કોળી સમાજના બાળકો શહેરમાં રહી હાઈસ્કૂલ તથા કોલેજનો ઉચ્ચ અભ્યાસ કરી શકે તે હેતુથી નવસારી શહેરમાં કોળી સમાજના વિદ્યાર્થીઓ માટે એક આશ્રમની સ્થાપના કરવી. આ આયોજનને સાકાર કરવા કડિયાવાડ-નવસારીમાં

જમીન ખરીદી, મકાન બાંધી વિદ્યાર્થી આશ્રમનું સ્વપ્ન તેમણે સાકાર કર્યું, આ આશ્રમનું સંચાલન કરવા દક્ષિણ આફ્રિકા સ્થિત સામાપોરનું એક યુગલે કાયમને માટે દક્ષિણ આફ્રિકા છોડી, ભારત આવી કોળી વિદ્યાર્થી આશ્રમનાં ગૃહમાતા-ગૃહપતિની તથા વિદ્યાર્થીઓ માટે રસોઈ બનાવવાની જવાબદારી પણ સાંભળી. આ સ્વાર્પણ કે ફનાગીરીને પણ દાદ આપવી ઘટે ! ૧૯૬૨માં બીજી ઈમારતો ખરીદી જેની કિંમત આજે કરોડોમાં આંકવામાં આવે છે. આ સિવાય દક્ષિણ આફ્રિકાના આ મંડળે અનેક વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપી, સમાજ વધુને વધુ શિક્ષિત બને તે માટે સૌ કોઈ કરતાં વિશેષ પ્રોત્સાહન પૂરું પાડ્યું છે.

દક્ષિણ આફ્રિકાની ટ્રાન્સવાલ લેજિસ્લેટીવ કાઉન્સિલમાં એશિયાટીક એક્ટ રજૂ કરવાની મિ. ડંકને દરખાસ્ત કરી. અને ૧૨મી સપ્ટેમ્બર ૧૯૦૬ના રોજ આ અમાનવીય કાયદો ટ્રાન્સવાલની ધારાસભામાં પસાર થયો. આ અમાનુષી કાયદાનો વિરોધ, નાબૂદી માટે ગાંધીભાઈ સાથે હિન્દીઓએ આંદોલન ઉપાડ્યું. સત્યાગ્રહ કરી લગભગ ૨,૦૦૦ હિન્દીઓ ગાંધીભાઈ સાથે જેલમાં ગયા. આ લડતની તવારીખ ઘણી લાંબી અને કષ્ટભરી છે. અંતે ૩૦મી જૂન ૧૯૧૪ના રોજ શરતી સમાધાન થયું, તેને કારણે હિન્દીઓ વિના રોક ટોક દક્ષિણ આફ્રિકામાં પ્રવેશી શકતા હતા, તેના ઉપર જે નિયંત્રણ હતું, તે સંદર્ભે પરમીટ પ્રથા દાખલ થઈ. આ પાબંધીને કારણે ઘણાં કાંઠાવાસીઓએ ફિજી - ન્યુઝીલેન્ડની વાટ પકડી.

**ન્યુઝીલેન્ડ :** ૧૮૯૦માં સૌ પ્રથમ પંજાબથી બે શીખ બંધુઓમાં ફુમન સીંગ ગીલ અને વીર સીંગ ગીલે ન્યુઝીલેન્ડ જઈ સ્થાયી વસવાટ કર્યો. પાછળથી તેઓએ ગોરી સ્ત્રી સાથે લગ્નગ્રંથિથી જોડાતાં તેમની કૂખે જન્મેલ ન્યુઝીલેન્ડમાં નવી પેઢી અસ્તિત્વમાં આવી. ગુજરાતીઓમાં સર્વ પ્રથમ મછાડના કેશાભાઈ દાજી ૧૯૦૨ની સાલમાં ન્યુઝીલેન્ડ ગયા. ૧૯૦૩ની સાલમાં બોદાલીના નરોત્તમ બાબર અને કેશાભાઈ છીબા તેમ જ અમાદપુરના ગુલાબ અને મકન જીવણ ન્યુઝીલેન્ડ જઈ સ્થાયી થયા. સર્વ પ્રથમ ન્યુઝીલેન્ડ પહોંચેલા કેશાભાઈ દાજીને પહેલું કામ જંગલ ખાતામાં મળ્યું. તેઓ ૧૯૦૯થી ૧૯૧૧ના ગાળામાં બે વર્ષ માટે ભારત આવ્યા અને ફરીથી ન્યુઝીલેન્ડ ગયા ત્યાં ૧૯૧૮માં ઈન્ફ્લુએન્ઝાની બીમારીમાં મૃત્યુ પામ્યા.



Keshaw Daji from Machhad may have been the first Gujarati to settle in New Zealand in 1902. *Source: Uka Chhiba*

શરૂઆતમાં આ જમાતના ભાઈઓ કોલકત્તા બંદરેથી જહાજ મારફતે ફિજી જતા અને આ જ માર્ગે ન્યુઝીલેન્ડની 'યુનિયન સ્ટીમ શીપ કંપની' દ્વારા ન્યુઝીલેન્ડ પહોંચતા. પાછળથી મુંબઈથી સીડની થઈ, ઓકલેન્ડનો પ્રવાસ-માર્ગ ગુજરાતીઓ માટે વધુ સુગમ બન્યો. શરૂઆતમાં ત્યાં કામ મળવું મુશ્કેલ બનતા ફેરિયા (Hawking) જેવાં કામ કરવા પડતાં. ૧૯૧૪માં કરાડીના ઢેડિયાભાઈ ભાણાએ સમય અનુસાર આધુનિકતા લાવી. રેશમનું કાપડ આયાત કરી, મોટર કે લોરી દ્વારા ફેરી ફરી, કાપડનો વેપાર શરૂ કર્યો.

દક્ષિણ આફ્રિકામાં એશિયન વસાહતીઓ છૂટથી જઈ શકતા તેના ઉપર ૧૮૯૭ની સાલમાં નિયંત્રણ દાખલ થયું. અને ૧૯૧૩ની સાલમાં નવા વસાહતીઓ ઉપર સદંતર પ્રતિબંધ આવવાથી, અર્થાત્ દક્ષિણ આફ્રિકા જવાનું બંધ થતાં, સન ૧૯૧૬-૧૭થી ન્યુઝીલેન્ડ જવાનો ધસારો વધ્યો. ૧૯૨૦માં એકી સાથે ૧૪૦ ભાઈઓ ન્યુઝીલેન્ડ ગયા. જેઓને ઊતરવાની પરવાનગી મળી; પરંતુ ૨૦મી નવેમ્બર ૧૯૨૦ના દિનથી પ્રતિબંધ આવતાં, માત્ર હામી (સ્પોન્સર) દ્વારા પરમીટ થકી, ન્યુઝીલેન્ડમાં સ્થાયી થવાની પ્રથા અમલી બની.

ઓકલેન્ડમાં 'ઈન્ડિયન એસોસિયેશન' વર્ષોથી કાર્યરત છે. તેના સામાજિક તથા ધાર્મિક કાર્યકર્તાઓમાં કરાડીના રમેશભાઈ, સામાપોરાના પ્રભુભાઈ જોગી, મટવાડના મોરારિ સોમા, દયાળજી કેસરી, છોટુભાઈ સીમા, જેકભાઈ વગેરે છે. સામાજિક કે ધાર્મિક બધી પ્રવૃત્તિઓ એસોશિયેશનની છત્રછાયા હેઠળ ચાલે છે. ઈન્ડિયન એસોસિયેશને પ્રથમ તો ઓકલેન્ડમાં ભવ્ય 'મહાત્મા ગાંધી સેન્ટર હોલ'નું નિર્માણ કર્યું, ત્યારબાદ તેની બાજુમાં ખૂબ જ આકર્ષક અને કલાત્મક રાધાકૃષ્ણ મંદિર બાંધવામાં આવ્યું. આ બધુ એસોસિયનની સંપ, સહકાર, સંગઠિતતાનાં પરિણામ સ્વરૂપે સમજવું રહ્યું. આજ પ્રકારે વેલિંગ્ટનમાં પણ 'ભારત ભવન'નું નિર્માણ થયું છે. જેમાં પણ સામાજિક તથા ધાર્મિક પ્રવૃત્તિઓ થતી રહે છે. આજ પ્રકારે યુવાનો ક્રિકેટ અને હોકીની રમતમાં આંતરરાષ્ટ્રીય સ્તરે રમતો રમે છે. ન્યુઝીલેન્ડમાં આ જમાતની યુવતીઓ પણ રમત ગમતને ક્ષેત્રે ખૂબ આગળ છે, જે નીચેના દૃષ્ટાંતોથી પૂરવાર થાય છે.

ન્યુઝીલેન્ડમાં સર્વ પ્રથમ, કવિ-ચિત્રકાર રમેશભાઈ પટેલને બ્રિટનની મહારાણી ઈલિઝાબેથે, તેમણે ૪૫ વર્ષ પર્યંત જાહેરજનતાની કરેલી સેવા સબબ MBEનો ખિતાબ એનાયત કરી, સન્માન્યા હતા. એમણે વર્ષો સુધી વિના વેતને બાળકોને ગુજરાતી ભાષા શીખવી છે. વર્ષો સુધી ગીતા-ઉપનિષદ તથા રામાયણ -મહાભારતની કથા વાચનના ધાર્મિક વર્ગો ચલાવ્યા. સાધુ સંતો અને સાહિત્યકારોની મહેમાનગીરીથી એમનું ઘર સાર્વજનિક સંસ્થા બની રહેતું. એમણે લગભગ ૩૫૦થી પણ વધુ યુગલોને હિન્દુ ધર્મ અનુસાર ધાર્મિક વિધિથી લગ્નો કરાવ્યાં છે. લગ્નની વિધિ કે મૃત્યુ પ્રસંગે સ્મશાનગૃહમાં અંતિમ સંસ્કાર વિધિ કરવા માટે એમણે ન્યુઝીલેન્ડના અલગ અલગ શહેરોમાં યુવાનોને તૈયાર કર્યા છે, આજે પણ એમના મૃત્યુ બાદ પણ આ યુવાનો વિધિ વિધાનથી સંસ્કાર ક્રિયા કરાવી લે છે.

૧૯૭૬માં કેનેડાના મોન્ટ્રીઅલમાં રમાયેલ વર્લ્ડ ઓલમ્પીકમાં હોકીની રમતમાં ન્યુઝીલેન્ડ વિશ્વ વિજેતા બન્યું, આ ટીમમાં મૂળગત કાંઠા પ્રદેશના ત્રણ ખેલાડીઓ રમ્યા હતા. તેમાં કરાડીના મોહન મગનભાઈ ફકીર, બોદાલીના રમેશભાઈ પટેલ તથા તવડીના પીટર દાજીએ ન્યુઝીલેન્ડની સાથે ભારતનું નામ પણ રોશન કર્યું હતું. તે જ રીતે હજુ સુધી આખા ભારતમાં કોઈ કન્યા ઓલંપિકમાં વિશ્વ વિજેતા નથી બની, પરંતુ ન્યુઝીલેન્ડમાં જન્મેલી મૂળ કરાડીના તબીબ કનુ પટેલની પુત્રી શાન્તા પટેલ મેક્સીકોમાં રમાયેલ વર્લ્ડ ઓલમ્પીકમાં 'વિન્ડ સર્ફીન્ગ'ની રમતમાં વિશ્વ વિજેતા બની ન્યુઝીલેન્ડ-ભારતના કીર્તિ-કળશ પર ચાર ચાંદ લગાવ્યા છે. ક્રિકેટની રમતમાં પણ મછાડના નરોત્તમ પૂના અને દાંડીના દીપક પટેલ ટેસ્ટ મેચ રમી, બન્ને દેશોને ગૌરવ અપાવ્યું છે. આ કાંઠા વિસ્તારનો પૂરો સમાજ પણ આ સૌ ખેલાડીઓ માટે મગરૂર છે. હવે ન્યુઝીલેન્ડની સરકારે ઓસ્ટ્રેલિયાની જેમ ઈમિગ્રેશનની નીતિ બદલી છે. હવે પોઈંટ સીસ્ટમ ઉપર શિક્ષિતોને તથા લોહીના સંબંધને નાતે કાયમી વસવાટના હકો મળે છે.

**પૂર્વ આફ્રિકા :** પૂર્વ આફ્રિકાના કેન્યા. યુગાન્ડા, ટાન્ઝાનિયા વગેરે દેશો મુખ્ય છે. આ દેશોમાં આ જમાતના ભાઈઓ ૧૯૨૫ની આજુબાજુમાં ગયા, પરંતુ ત્યાંની અગવડતા અને કમાણી ઊંચી ન હોવાને કારણે લોકોનો ધસારો એટલો રહ્યો નહિ. પરંતુ બીજા વિશ્વ યુદ્ધ દરમ્યાન ધસારો વધ્યો. ૧૯૪૩માં પૂર્વ આફ્રિકા જવા મુંબઈ બંદરેથી રવાના થયેલી સ્ટીમરને જાપાનની સબમરીને ટૉર્પીડો (પાણસુરંગ) મારી ડૂબાવી દીધી હતી. તેમાં કરાડી ચોપાસનાં થોડાં ભાઈબહેનો ડૂબી પણ ગયાં હતા. પરંતુ મોટા ભાગના તરીને કિનારે સહીસલામત બહાર નીકળી આવ્યાં હતાં. ત્યાર બાદ સ્ટીમરોનો વ્યવહાર બંધ પડતાં, ટ્રાવેલ્સ એજંટ ગણેશભાઈ સુખાભાઈ પટેલે અને છીબુભાઈ લાલભાઈએ મળી જામનગરથી મોટાં વહાણો દ્વારા લોકોને પૂર્વ આફ્રિકા મોકલાવવાનું શરૂ કર્યું. મોમ્બાસા બંદરે વાહણો નાંગર્યાં. આમ મોટી સંખ્યામાં ભાઈબહેનો પૂર્વ આફ્રિકાના દેશોમાં જઈ વસ્યાં. તે અગાઉ વિસ્તારના ભાઈઓ મધ્ય આફ્રિકાના દેશોમાં જઈ વસ્યા હતા. તે અગાઉ વળી કેટલાક મધ્ય આફ્રિકાના ઉત્તર અને દક્ષિણ રોડેશિયા જઈ સ્થિર થયેલા. ઉત્તર રોડેશિયા (આજનું ઝાંબિયા)માં ૧૯૫૨ સુધી ત્યાંના વેપારીઓ પરમીટ મોકલી, પોતાના માણસોને સ્પોન્સર કરતા. તે વ્યક્તિ થોડું અંગ્રેજી ભાષા જાણતી હોવી જોઈએ.

જો તે પરીક્ષામાં પાસ થાય તો તેને તત્કાલીન ઉત્તર રોડેશિયામાં રહેવા માટે હક મળતો.

પૂર્વ આફ્રિકામાં કરાડીના મકનભાઈ બુધિયાભાઈ પટેલનાં અથાગ મહેનતથી સમાજને સંગઠિત કરાયો અને માંધાતા સમાજની સ્થાપના કરવામાં આવી. સૌ પ્રથમ મોબાસામાં આવેલી પોતાની જમીન સમાજને દાનમાં આપી, ફંડફાળો એકત્ર કરી સમાજનું મકાન બાંધ્યું. જે મકાન ભારત જતાં-આવતાં સ્ટીમરનાં ઉતારુઓને ખૂબ ઉપયોગી સાબિત થયું. કેન્યાને ૧૯૬૩માં આઝાદી આપવામાં આવશે, એ સમાચારથી લોકોમાં અફવા-અટકળો થવા લાગી, આફ્રિકનો આપણને ત્રાસ આપી હાંકી કાઢશે, એવા ભયથી ૧૯૬૦ના દાયકામાં યુનાઇટેડ કિંગ્ડમ આવવાનો પ્રવાહ વધ્યો. મોટા ભાગનાં ભાઈબહેનો કેન્યાથી યુનાઇટેડ કિમગ્ડમ ઈમીગ્રાન્ટ થયાં, ત્યારબાદ ત્યાંના માંધાતાની મિલ્કતમાંથી ઉપજેલી રકમ તેઓ યુનાઇટેડ કિંગ્ડમ લઈ ગયા હતા, અને ત્યાં અસ્તિત્વમાં આવેલા માંધાતા સમાજ યુ.કે.ને સુપ્રત કરેલી, એવી માહિતી ઉપલબ્ધ છે.

**બ્રાઝિલ તથા વેસ્ટ ઈન્ડિઝના ટાપુઓ :** કાંઠા પ્રદેશના ઘણા ભાઈઓ બ્રાઝિલ તથા વેસ્ટ ઈન્ડિઝ ગયા. ત્યાંના ટાપુઓમાં ટ્રીનીડાડ, બાબાર્ડોઝ, જમૈકા વગેરે ટાપુઓ પર વેપાર ધંધા માટે ૧૯૩૦ પછીથી લંડન ગયા. પરંતુ ત્યાં ખૂબ મહેનત કરવા છતાં સફળતાની કોઈ તક ન દેખાતાં તેમાના ઘણાં લંડન થઈ ભારત પરત પહોંચ્યા અને ભારતથી કેન્યા ગયા. તેમાં કરાડીના નાનુભાઈ છીબા, સામાપોરના રણછોડભાઈ રામા વગેરે હતા. તો વળી જેમનાથી પૈસાનો બંદોબસ્ત ન થઈ શક્યો તેઓએ ન છૂટકે બ્રાઝિલ વગેરે સ્થળે રહેવું પડ્યું. તેમાં કરાડી પટેલ ફળિયાના રણછોડભાઈ મંગા, ધલ્લા ફળિયાના કેશાભાઈ, આવડા ફળિયાના હીરાભાઈ બુધીએ એમના પિતાની યુનાઇટેડ કિંગ્ડમ આવી, વર્ષો બાદ ભાળ કાઢી પુનઃમેળાપ કર્યો. જ્યારે ભારતમાં વસતાં પોતાના આપ્તજન સાથે સતત સંપર્કમાં રહેનારાઓમાં મટવાડના ભાણાભાઈ હીરા વગેરે પણ હતા જ.

**ઈંગ્લૅન્ડ સહિત યુનાઇટેડ કિંગ્ડમ :** પહેલ વહેલા ઈંગ્લેન્ડ જનારાઓમાં સુરતના મહિપતરામ રૂપરામ નીલકંઠ આગળ પડતા રહ્યા છે. ગુજરાતમાં ૧૮૧૮ બ્રિટિશ રાજની સ્થાપના બાદ મહિપતરામ સુરતમાં શિક્ષણ ખાતામાં હતા. ગુજરાતના શિક્ષણકાર ઈંગ્લેન્ડ જઈને તાલીમ અનુભવ લઈ આવે તો સમાજને લાભ થાય એ ખ્યાલે શિક્ષણ ખાતાએ મહિપતરામને ૧૮૬૦માં ઈંગ્લેન્ડ મોકલાવેલા. નાગરી નાતે મહિપતરામને પરદેશ જઈ વટલાઈ ગયા હોય એ વ્હેમે નાત બહાર કરેલા. જ્ઞાતિએ પસ્તાળ પાડી.

કાંઠા પ્રદેશમાંથી સૌ પ્રથમ યુનાઇટેડ કિંગ્ડમ જનારામાં કરાડીના મકનજી પરસોત્તમભાઈ લખોટીનું તથા બોદાલીના દયાળભાઈ ડાહ્યાભાઈનું નામ આવે છે. મકનજીભાઈ રાષ્ટ્રવાદી ક્રાન્તિકારી માનસ ધરાવતા વીર પુરુષ હતા. બારડોલીના કરની લડત વેળા સરદાર વલ્લભભાઈ અને ખંડુભાઈ દેસાઈની દોરવણીથી ખેડૂતો પાસેથી પોલીસે બળજબરીથી જમે કરેલાં કપાસનાં કાલાંના ઢગ બાળવાનું બીડું ઝડપનારામાં કરાડીના આપણા આ મકનજીભાઈ લખોટી તથા રણછોડભાઈ લાલા અને મટવાડના મંગાભાઈ સુખા હતા. તેઓ રાત્રે પહેરા ભરતા પોલીસોની નજર ચુકવી લપાતા-છૂપાતા છાતીએ સરકતા આંકડા સરીખા કાંટાવાળી તારની વાડ ઓળંગી તેઓ કપાસના કાલાંના ઢગ સુધી પહોંચ્યા. અને સાથે રાખેલું ફોસ્ફરસ વેરતા-છાંટતા તેઓ સહીસલામત રીતે કંપાઉન્ડની બહાર નીકળી આવ્યા. બીજે દિવસે સવારે સૂર્ય પ્રકાશના તાપથી ફોસ્ફરસ પૂર જોશમાં સળગી ઊઠતાંની સાથે કપાસનાં કાલાંના ઢગ બળીને ખાક થઈ ગયા. આ ઘટનાથી સરકાર સાબદી થઈ ગઈ. પરંતુ કોઈને જરા સરખો પણ ખ્યાલ ન આવ્યો કે કપાસ બાળનાર કોણ હતા ને કપાસ કેમ બળ્યો? આ હતી મકનજીભાઈ અને સાથીઓની ઝિન્દાદિલ રાષ્ટ્ર પ્રેમભક્તિ! દારૂના પીઠાંઓ પર પીકેટીંગ કરવું, વગેરે ક્રાંતિકારી પ્રવૃત્તિથી સરકાર મકનજીભાઈને શોધતી ફરતી. પરિસ્થિતિનો તાગ મકનજીભાઈના ન્યુઝીલેન્ડ સ્થિત મિત્ર ડાહ્યાભાઈ પ્રેમાને આવી ગયો, આ અરસામાં એઓએ "પ્રતાપ" અખબારમાં એક જાહેરાત જોઈ. આ જાહેરખબરમાં લંડન સ્થિત વેપારી મરુભાઈ પટેલને એમની દુકાનમાં એક મહેનતકસ માણસની જરૂર હતી. આથી ડાહ્યાભાઈએ મકનજીભાઈનો પાસપોર્ટ તૈયાર કરાવી એમને સ્ટીમર દ્વારા ૧૯૩૪ની સાલમાં લંડન ચડાવ્યા. અને વેપારી પટેલ સાહેબને લખ્યું કે એક પાર્સલ મોકલાવું છું. ખપ લાગે તો રાખશો, નહિતર વગે કરી દેશો. (આ વાત મને વયોવૃધ્ધ વડીલ ડાહ્યાકાકા ઈંગ્લેન્ડની મુલાકાતે આવેલા, તે વેળા અમારા મહેમાન બનેલા, ત્યારે એમણે મને રૂબરૂમાં કહી હતી.) મકનજીભાઈ જીવ્યા ત્યાં સુધી પટેલ સાહેબ અને પરિવારને વફાદાર રહેલા, પાછલાં વર્ષો એમણે લેસ્ટર અને કોવન્ટ્રીમાં વીતાવેલાં. પરંતુ કોઈ કારણસર માતૃભૂમિને જોવાની જિજીવિષા બતાવી નહોતી.

દયાળભાઈ ડાહ્યાભાઈ પટેલ ૧૯૩૫માં યુનાઇટેડ કિંગ્ડમ આવ્યા અને મટવાડના વલ્લભભાઈ ઉંકાભાઈ, મછાડના વલ્લભભાઈ ભગલ, બોદાલીના લાલભાઈ જેરામ તથા મોખલેના એક ભાઈ વગેરે મુખ્યત્વે કોવેન્ટ્રી અને લંડન એમ બે શહેરોમાં જ રહ્યા. આ ભાઈઓને અઠવાડિયાનો એક પૌન્ડ – સાત દિવસના પગાર પેટે મળતો. આ જ અરસામાં બ્રાઝિલ જનારા ભાઈઓ પણ ઈંગ્લૅન્ડ થઈ ત્યાં વેસ્ટ ઈન્ડિઝ બાજુ જવા લાગેલા. બીજા વિશ્વયુદ્ધના સમયે બોદાલીના વલ્લભભાઈ ફકીરભાઈ (વિલાસ) ન્યુઝીલેન્ડ થી યુનાઇટેડ કિંગ્ડમ આવ્યા. તે શિક્ષિત અને વેપારી કૂનેહવાળા હોઈ, વિશ્વ યુદ્ધ પતતાં એમણે મોટા જથ્થામાં યુનાઇટેડ કિંગ્ડમથી બાઈસીકલ નિકાસ કરી. વિશ્વયુદ્ધ ચાલુ હતું તે દરમ્યાન, ૧૯૪૨માં કોથમડીના પરભુભાઈ પરસોતમભાઈ પટેલ ઈંગ્લૅન્ડ અભ્યાસ અર્થે જનાર વિદ્યાર્થી હતા. તે યુનાઇટેડ કિંગ્ડમમાં એડવોકેટનો ઉચ્ચતર અભ્યાસ પૂરો કરી, દેશમાં આવી વિવિધ સ્થળોએ મેજીસ્ટ્રેટ-જજના ઉચ્ચ હોદ્દા પર રહી સેવા આપી સમાજને ગૌરવ અપાવ્યું હતું. એમના એક ભાઈ એન્જિનિયર, બીજા ભાઈ ડૉક્ટર થયેલા. આમ ત્રણે શિક્ષિત હતા. વિશ્વ યુદ્ધ બંધ થતાં લગભગ દશબાર ભાઈઓ માંડ માંડ દેશ જઈ શકાય તેટલી બચત લઈ ભારત આવ્યા, માત્ર વલ્લભભાઈ ઉંકા અને મકનભાઈ ભારત ન ગયા. યુદ્ધ સમયે જેઓ યુનાઇટેડ કિંગ્ડમમાં હતા અને અહીંની હાડમારી ભોગવી ચૂક્યા હતા, તેઓ ફરીથી યુનાઇટેડ કિંગ્ડમ આવવાનું નામ પણ લેવા નહોતા માંગતા, એવી કઠણાઈ તેમણે યુદ્ધ સમયે સહી હતી અને જાતિભેદના અન્યાયના કટુ ઘુંટડા ય પીધા હતા.

પર્લ હાર્બર ઉપર જાપાને આત્મઘાતી વિમાની હુમલો કર્યો તેમાં અમેરિકાના મહાકાયી જહાજોનો ખત્મો થઈ ગયો હતો. એ ઘટનાનું વેર વાળવા અમેરિકાએ જાપાનના હીરોસીમા અને નાગાસાકી શહેર ઉપર ભયંકર અણુ બોમ્બ ઝીંક્યા. આથી વિશ્વએ કદી ન કલ્પેલ, કદી ન અનુભવેલ એવી કરુણ હોનારત સર્જાઈ. આ ભયંકર વિનાશથી દુનિયા સ્તબ્ધ થઈ ગઈ. જાપાને શરણાગતિ સ્વીકારી અને ૧૯૪૫માં બીજા વિશ્વયુદ્ધનો અંત આવ્યો. બીજા વિશ્વયુદ્ધમાં યુરોપમાં ભયંકર માનવ સંહાર થયો. કલ્પના બહારની હોનારત સર્જાઈ. તેમાં પુરુષોનો ધ્વંશ ગંજાવર સંખ્યામાં થયો. આથી બ્રિટનને માનવશક્તિની (મેનપાવરની) તાતી જરૂર ઊભી થઈ. આ મેનપાવરની ભરતી બ્રિટનને રાષ્ટ્રકુળના (કોમનવેલ્થના) દેશોમાંથી આસાનીથી મળતી હતી. (વિશ્વ યુદ્ધ પૂરું થયે, ૧૯૪૬માં, બ્રિટનમાં સાર્વત્રિક ચૂંટણી યોજાઈ. તેમાં યુદ્ધ સમયે સર્વ રાજકીય પક્ષોના સંમિલન થકી નિયુક્ત થયેલા વડા પ્રધાન વિન્સ્ટન ચર્ચીલના વડપણવાળા કન્સરવેટિવ પક્ષની હાર થઈ અને લેબર પક્ષની જીત થઈ. આથી ક્લેઈમન્ટ એટલી વડા પ્રધાન બન્યા અને લેબર પક્ષની પ્રગતિશીલ નીતિના વલણને કારણે ભારતને ૧૯૪૭માં આઝાદી મળી.)

યુદ્ધના ઓળા ઓસરી જતા મટવાડના નરસિંહભાઈ હીરાભાઈ તલાટીએ ૧૯૪૯માં યુનાઇટેડ કિંગ્ડમ આવવાનું સાહસ કર્યું અને કોવેન્ટ્રી શહેરમાં વલ્લભભાઈ ઉકા સાથે આવી સ્થાયી થયા. ત્યારબાદ, બે વર્ષ પછી, ૧૯૫૧માં, આટ ગામના ભાણાભાઈ લખુભાઈ બુધીઆ અને એમના મિત્ર ભાણાભાઈ લખુભાઈ સુખા ઈંગ્લેન્ડ આવ્યા અને કોવેન્ટ્રીમાં ડેઈમલર કંપનીમાં કામે લાગી સ્થિર થયા. ત્યાર બાદ ૧૯૫૨ની સાલમાં, કોથમડીના ગાંડાભાઈ પરભુ, કેશાભાઈ માસ્તર અને લલ્લુભાઈ નરસિંહભાઈ અને દયાળભાઈ લાલ તથા આટ ગામના દયાળભાઈ નાના તેમ જ છીણમ - કલોળી (મરોલી

વિભાગ)ના ગોપાળભાઈ રવજી તથા છગનભાઈ ભગાભાઈ આવી કોવેન્ટ્રીમાં સ્થાયી થયા. (૧૯૫૫ સુધી બ્રિટનમાં નેશનલ આર્મી ફરજિયાત હતી. ૧૮થી ૨૬ વર્ષની વયના કોઈ પણ યુવક-યુવતીએ નેશનલ આર્મીમાં બે વર્ષ માટે ફરજિયાત સેવા આપવી પડતી. જો નેશનલ આર્મીમાં ન જોડાવું હોય તો બે વર્ષમાં બ્રિટન છોડવું પડે. સૌ પ્રથમ, નેશનલ આર્મીમાં જોડાનાર, છગનભાઈ છે. આ ઉપરાંત લેસ્ટર શહેરમાં રહેવા જનાર તે જ પ્રથમ છે.) આ સાતમાંથી આટ ગામના દયાળભાઈ નાના જ ભારત પરત ફર્યા હતા.

ત્યારબાદ, ૧૯૫૪ ને ૧૯૫૫ના વર્ષમાં, કાંઠા વિભાગ તથા વેળાવળ ને મરોલી વિભાગમાંથી લગભગ ૮૦ની આજુબાજુની સંખ્યામાં વસવાટીઓ આવ્યા. પરંતુ કમનસીબે ૧૯૫૪માં, ભારત સરકારે પાસપોર્ટ આપવા બંધ કર્યા. લંડન એરપોર્ટ એ તે વખતે ફ્રી પોર્ટ હતું. મતલબ કે વિના રોકટોકે બ્રિટનમાં પ્રવેશી શકાતું. બ્રિટનમાં પ્રવેશવા માટે પરમીટની જરૂર ન હતી કે કોઈ પાબંધી નહોતી. જો ભારત સરકારે છૂટથી પાસપોર્ટ આપ્યા હોત તો મોટી સંખ્યામાં કાંઠા પ્રદેશના લોકો ઈંગ્લેન્ડ જઈ શક્યા હોત. એથી આ સમાજ આર્થિક રીતે તો બે છેડા ભેગા કરી શક્યો જ હોત. પણ તેથી વિશેષ બીજી પેઢીએ ઈંગ્લેન્ડમાં શૈક્ષણિકક્ષેત્રે જે સિધ્ધિ-સફળતા મેળવ્યાં છે તેને કારણે આ સમાજ આજે ગૌરવવંતો અને ઊજળો બન્યો છે. આજે યુનાઈટેડ કિંગ્ડમમાં આ વિસ્તારથી આવેલું કોઈ પણ ઘર એવું ન હશે કે જે ઘરમાં ગ્રેજ્યુએટ ન હોય !

આ એક કરુણતા છે કે ઈંગ્લેન્ડ જનારા આ વિભાગના ભાઈઓને પાસપોર્ટ આપવાનું બંધ થયું, તેની સામે તત્કાલિન સ્થાનિક ધારાસભ્યે તે વેળા અવાજ ઊઠાવવાને બદલે મૌન સેવ્યું. જે આપણા માટે હિતાવહ ન હતું. આથી મેં મારી વાત તે વેળાના મુંબઈ ઈલાકાના ગૃહ પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાન મોરારજીભાઈ દેસાઈ સમક્ષ રજૂ કરી હતી. 'ભારત વિદ્યાલય', કરાડી તથા નારગોલની તાતા વાડિયા હાઈસ્કૂલના ઉત્સવોમાં પ્રદર્શિત થયેલ મારી શિલ્પ કૃતિઓ નિહાળી મોરારજીભાઈ ખૂબ રાજી થયેલા, બલકે પ્રભાવિત થયેલા. આથી એ મને શિલ્પકારના નાતે નામથી જાણતા હતા. આ કારણે એમણે મને પાસપોર્ટ અપાવવામાં હિમાયત કરેલી. આ રીતે મને વિના એજન્ટે ૧૯૫૪ની સાલમાં પોસ્ટથી પાસપોર્ટ મળ્યો હતો. આ ઘટના મારા જીવનમાં અવિસ્મરણીય છે. ત્યારપછી, પાછળથી, એજન્ટો દ્વારા કાંઠા પ્રદેશના ભાઈઓ યુનાઈટેડ કિંગ્ડમ આવ્યા. તેઓ મોટી રકમ ખર્ચી, અનેક દેશો ફરી ફરીને, અનેક પ્રકારની હાડમારી સહન કરીને છેવટે યુનાઈટેડ કિંગ્ડમ આવ્યા હતા. જો તે વખતે સીધી લીટીએ પાસપોર્ટ આપી દીધા હોત, તો આ ઉપેક્ષિત પરિસ્થિતિમાંથી આ વિસ્તારના લોકોને પસાર ન થવું પડત ! પણ ચૂંટાયેલા પ્રતિનિધિઓમાં પ્રજાના અવાજને વાચા આપવાની નૈતિક હિમ્મત ક્યાં હતી ?!

વિશ્વ યુદ્ધ પહેલાં અને પછી, ભારતથી જે ભાઈઓ વિલાયત આવ્યા તે બધા પ્રથમ કોવેન્ટ્રીમાં જ ઊતર્યા, જેથી કોવેન્ટ્રી આ સમાજ સારુ અગ્રગામી સ્થળ (પાયોનિયર સીટી) તરીકે આપણા હૃદયમાં સ્થાન પામ્યું છે. આ કોવેન્ટ્રી વિશે થોડી માહિતી જાણવી રસપ્રદ નીવડશે.

**કોવેન્ટ્રી :** દશમી સદીમાં, કોવેન્ટ્રી યુરોપનું 'રેશમ શહેર' તરીકે ઉભરી આવ્યું હતું. એની સમૃધ્ધિ પણ વિકસી હતી, આથી ત્યાંનો ઉમરાવ કર વધારતો ગયો. વેપાર ધીમો પડતાં સામાન્ય લોકોને કર બોજારૂપ બન્યો. લોક ત્રાહિમામ્ પોકારવા લાગ્યા. વાત ઉમરાવ લિયોફ્રીકની પત્ની ગોડાઈવાને કાને પહોંચી. પ્રિન્સેસ ગોડાઈવાએ ઉમરાવ સમક્ષ પ્રજાની કર ઘટાડવાની ફરિયાદને વિનંતિરૂપે રજૂ કરી. તેનો પ્રતિભાવ ઉમરાવે ગોડાઈવાને એ આપ્યો કે તને રાજની પ્રજા પ્રત્યે આટલી બધી સહાનુભૂતિ છે, તો પ્રજાનો પણ તારા પ્રત્યે કેટલો પ્રેમ આદર છે, તે મારે જાણવું છે. તે માટે મારી શરત એ છે કે તારે અમુક દિવસે, દિવસ દરમ્યાન ઘોડા ઉપર નગ્ન અવસ્થામાં સવારી કરી, આખા કોવેન્ટ્રી શહેરના દરેક રસ્તા પર થઈ પસાર થવું. જો તું વસ્ત્ર વિના આખા શહેરમાં ફરીશ, તો પ્રજા ઉપરનો કર હું માફ કરીશ. ગોડાઈવાએ શરત મંજૂર રાખી. આ વાતની પ્રજાને જાણ થતાં પ્રજાના આગેવાનોએ લોકોને ભલામણ કરી કે ગોડાઈવા જ્યારે પોતાની લાજને આડે મૂકી આપણે ખાતર નગ્ન અવસ્થામાં ફરવા તૈયાર થઈ, ત્યારે આપણું પણ કર્તવ્ય બને છે કે જ્યારે પ્રિન્સેસ ઘોડા ઉપર આપણા ઘરના માર્ગેથી પસાર થાય, ત્યારે આપણે આપણાં ઘરનાં બારી બારણાં બંધ કરી દેવાં. કેમ કે એ આપણા ખાતર આટલી મોટી આહુતિ આપતી હોય, ત્યારે આપણે પણ તેના પ્રત્યે આદર રાખી તેને જોવાનું ટાળવું જોઈએ. આ રીતે મુક્કર દિવસે ગોડાઈવા જ્યારે નગ્ન અવસ્થામાં ઘોડા ઉપર બેસી શહેરમાં ફરવા નીકળી, ત્યારે આખા શહેરે બારી બારણાં વાસી દીધાં. કોઈએ બહાર જોયું સુધ્ધાં નહિ. પરંતુ આખા શહેરમાં એક માત્ર, એક આંખે કાણા ડોસાએ પોતાના ઘરની બારી ખોલી બહાર ડોકિયું કાઢી, ઘોડા ઉપર નગ્ન અવસ્થામાં બેસી પસાર થતી ગોડાઈવાને નિહાળી. આ ઘટનાને સ્મરણાંકિત કરતું એક ભવ્ય શિલ્પ આજે પણ શહેરની મધ્યમાં રાખવામાં આવ્યું છે. તદ્દુપરાંત શહેરની મધ્યેથી એક જાહેર માર્ગ પસાર થાય છે, તેના ઉપર કમાન (આર્ચ) આકારનું બિલ્ડીંગ છે, તેની કમાન ઉપર એક ઝરૂખો પડે છે. દર કલાકે ઝરૂખાનો એક દ્વાર ખૂલે છે, તેમાંથી ઘોડા ઉપર નગ્ન અવસ્થામાં બેઠેલી લેડી ગોડાઈવાનું શિલ્પ બહાર નીકળે છે અને અર્ધવર્તુળ આકારના માર્ગ પરથી પસાર થાય છે, તે સમયે પેલો એક આંખે કાણો, 'પીપીંગ ટોમ' બારી ખોલી લેડી ગોડાઈવાને જુવે છે. દર કલાકે આ પ્રક્રિયા 'રીપીટ' થાય છે. તે જોવા માટે પર્યટકોનું અહીં આકર્ષણ કેન્દ્ર બને છે.



**લેડી ગોડાઈવાનું કોવેન્ટ્રીમાં આવ્યું સુખ્યાત શિલ્પ**

બસો-અઢીસો વર્ષ પહેલાં બ્રિટનના ઔદ્યોગિક ક્રાન્તિ આવી. કોવેન્ટ્રી તેનું કેન્દ્ર બન્યું. આમ ભૌગોલિક રીતે પણ કોવેન્ટ્રી લગભગ કેન્દ્ર સ્થાને છે. વિશ્વની પ્રથમ બાઈસીકલ કંપની રેલેએ કોવેન્ટ્રીમાં એક ફેક્ટરી સ્થાપી. વિશ્વની મોંઘી કાર કંપનીઓમાં જગુઆર, ડેઈમલર જેવી કાર કંપનીઓ કોવેન્ટ્રીમાં આવી છે. આલ્ફ્રેઈડ હર્બર્ટ જેવી યંત્રો બનાવતી કંપની કોવેન્ટ્રીમાં હતી. વિશ્વમાં ઈલેક્ટ્રીક સાધનો બનાવતી G.E.C. કંપની તથા વિશ્વમાં પ્રથમ Man made Fabric (Nylon, Rayon) બનાવનાર વિશ્વની સૌથી મોટી કંપની 'Cooltaurds' કોવેન્ટ્રીમાં આવેલી છે. ઉપરાંત ફાઈટર વિમાનો તથા રાઈફલ જેવાં લડાઈનાં સાધનો - હથિયારો પણ કોવેન્ટ્રીમાં જ બનતાં. બ્રિટનની જીવાદોરી તૂટે તો બ્રિટન પડે. આવી ગણત્રીથી હિટલરે કોવેન્ટ્રીને નિશાન બનાવ્યું. કોવેન્ટ્રીને તોડવા હિટલરે ઉપરા ઉપરી બોમ્બ કોવેન્ટ્રી ઉપર ઝીક્યા. ૧૯૪૨ની એક સાંજે કોવેન્ટ્રીના એમ્પાયર પીક્ચર હાઉસમાં ક્લાર્ક ગેબલ અને વિવિયન લ્હેની ફિલ્મ 'ગોન વીથ ધી વીન્ડ' ચાલતી હતી, તેવામાં જર્મન બોમ્બ મારો શરૂ થયો. એક બોમ્બ પીક્ચર હાઉસ ઉપર પડ્યો અને ક્ષણભરમાં બધું ધરાશયી. મોટા ભાગનાં દર્શકો મોતને ભેટ્યાં. કોવેન્ટ્રીનું પ્રતીક, ત્રણ કેથલડ્રલના ત્રણ મિનારા છે. આ ત્રણ કેથેડ્રલમાંના એક કેથલડ્રલ ઉપર બોમ્બ પડતાં બધુ ભસ્મિભૂત ! જે ખંડિયેર બચ્યું તે આજે પણ 'જૈસે થે, વૈસે', સચવાયું છે, તેને અડીને બાજુમાં પથ્થરનું નવું આધુનિક સ્થાપત્યનું કેથેડ્રલ બાંધવામાં આવ્યું છે. તેમાં વિશ્વના અનેક દેશોએ યોગદાન આપ્યું છે. આ બાંધકામ ચાલુ હતું તે વર્ષોમાં હું દરરોજ ત્યાંથી પસાર થતો, ત્યારે કોવેન્ટ્રી

શહેરના મધ્ય ભાગમાં થોડાં જ મકાનો બચેલાં. બાકીનું બધું ખંડિયેર ! આ દૃશ્ય જોઈને યુદ્ધથી સર્જાતી ભયંકર તારાજીનો ખ્યાલ આવતો હતો.

**કોવેન્ટ્રીની અદ્વિતીય સિધ્ધિ :** વિશ્વ યુદ્ધ બંધ પડયાને પાંચ વર્ષ બાદ, ૧૯૫૦માં કોવેન્ટ્રીના જ એક ત્રીસ વર્ષના એરોનોટીકલ એન્જિનિયરે જેટ એન્જિનની શોધ કરી. આ શોધથી વિશ્વની ગતિ બદલાઈ ગઈ ! વિશ્વની આ એક મોટી શોધ હતી. વિશ્વમાં અકલ્પ્ય ફેરફાર થઈ ગયા. આવી તો અનેક સિધ્ધિઓ કોવેન્ટ્રીએ મેળવી છે.

બર્મીંગહમ કે મીડલેન્ડસમાં કે ઉત્તર ઈંગ્લેન્ડમાં હજુ સુધી કાંઠ પ્રદેશમાંથી આવેલા વસવાટીઓની વસાહત સ્થપાયી નહોતી. પરંતુ વુલ્વરહેમ્પ્ટનમાં 'ગુડ ઈયર' ફેક્ટરીમાં પંજાબી ભાઈઓ કામ કરતા. તેઓની કમાણી કોવેન્ટ્રી કરતા સારી હતી. આથી કેશવભાઈ માસ્તર ઓળખીતા એક શીખ ભાઈ સાથે વુલ્વરહેમ્પ્ટન ગયા અને ગુડ ઈયર રબર ફેક્ટરીમાં કામે લાગ્યા. થોડા સમયમાં ગાંડાભાઈ તથા દયાળભાઈ પણ તેમને અનુસર્યા. આમ વુલ્વરહેમ્પ્ટન બાજુ આ વસ્તી સ્થળાંતર કરવા લાગી. તે જ રીતે ભાણાભાઈ લખુ સુખા પણ વેસ્ટ બ્રોમવીચ આવ્યા અને ફીનિક્સમાં કામે લાગ્યા. કોવેન્ટ્રીથી મારા બનેવી લાલભાઈ એમની સાથે ગયા, તેથી મારું ઊતરવાનું પણ એમની સાથે જ બન્યું.

તે સમયે હિન્દીઓ લંડન શહેરમાં રહેતા, ખાસ કરીને બેલસાઈઝ પાર્ક વિસ્તારમાં. બનારસી નામના એક હિન્દી ભાઈ પાસે પોતાના બે ત્રણ મોટાં મકાનો હતાં. તેમાં આગંતૂક હિન્દીને આશ્રય મળતો. સાઉથોલમાં શીખ-પંજાબી ભાઈઓની મુખ્ય વસતી હતી. વેમ્બલી કે હેરો જેવાં પરગણાંમાં કોઈ હજુ રહેતું ન હતું. છેક ૬૦ના દાયકામાં સેન્ટ્રલ લંડનમાંથી નીકળી, બોરી ફળિયાના નારણભાઈ પટેલ વેમ્બલી અને બોદાલીના પ્રભુભાઈ સુ. પટેલ એજવેરમાં રહેવા ગયા. ઉત્તર ઈંગ્લેંડમાં કોઈ હતું નહિ, પહેલ વહેલા અમે ત્રણ મિત્રો પ્રેસ્ટન નામક ગામમાં રહેવા ગયા, ત્યારે અમને જોઈને નાના છોકરાઓને નવાં માનવી જોયાનું આશ્ચર્ય થતું ! ૧૯૫૨-૫૩ના ગાળામાં આટના મોહનભાઈ ભાણાભાઈ પટેલ દક્ષિણ આફ્રિકાથી વધુ અભ્યાસ અર્થે કુટુંબ સાથે લંડન આવેલા. એમની સાથે આફ્રિકાના એમના સંબંધી વિદ્યાર્થીઓ રહેતા હતા. એમણે સૌ પ્રથમ લંડનમાં ૧૯૫૬ની સાલમાં પોતાનું મકાન ખરીદ્યું. મોહનભાઈ સ્વાતંત્ર્યસેનાની છે. એમણે ૧૯૪૨માં જેલવાસ વેઠયો છે. જેલમાંથી નીકળી સુરત એમ.ટી.બી. કોલેજમાં બીએસ.સી. થઈ દક્ષિણ આફ્રિકા ગયા, અને થોડા સમય શિક્ષકની નોકરી કરી. ત્યારબાદ વધુ અભ્યાસ અર્થે બ્રિટન આવ્યા. બ્રિટનમાં ફાર્મસીસ્ટનો ઉચ્ચત્તર અભ્યાસ પૂરો કરી તેમણે કેટલાં ય વર્ષ પશ્ચિમ આફ્રિકાના દેશોમાં સરકારના ઊંચ અધિકારીના સ્થાને સેવા આપી હતી.

૫૦ના દાયકામાં આખા ઈંગ્લેન્ડમાં નહિવત ગુજરાતીઓ પાસે પોતાના મકાનો હતાં. મોટે ભાગે યુદ્ધ પહેલાં શીખો તેમ જ પાકિસ્તાનીઓ પાસે પોતાનાં મકાનો હતાં. એટલે આ નવા વસવાટીઓને તેઓના આશ્રયે રહેવું પડતું. માણસ કામે ન લાગે ત્યાં સુધી લેન્ડ-લોર્ડ ભાડું ન લે. પહેલો પગાર લાવે ત્યારથી ભાડું ચાલુ થાય. ત્રણ-ચારની ટુકડીમાં માણસો જમવાનું પકવતા. મોટા ભાગના ઘરોમાં ડાઈનીંગ-રૂમ (ભોજન કક્ષ), બેડરૂમ (શયન ખંડ) તરીકે વપરાતા હોવાથી માણસો રસોડાંમાં જ જમી લેતા. આ સમય એવો હતો જ્યારે આગંતૂકને ફ્લોર વર્ક એટલે મહેનત મજૂરી સિવાયનું સારું કામ ગોરા લોકો આપતા નહિ. કોવેન્ટ્રીમાં એક પંજાબી ભાઈને લેથ મશીન પર કામ મળ્યું. તેનો વિરોધ કરવા ગોરાઓએ હડતાળ પાડી. એવું જ વેસ્ટ બ્રોમવીચમાં થયું. બસ કોરપોરેશને એક એમ.એ. સુધી ભણેલા યુવાનને બસ કંડક્ટરના કામે લીધા કે બીજા દિવસે ગોરાઓએ હડતાળ પાડી. હજુ પોસ્ટ ખાતામાં પણ નોકરી મળતી નહોતી. આવી પરિસ્થિતિમાં ઓફિસ જોબની વાત તો દૂર રહી. એ તો આકાશના તારા ચૂંટવા સમાન હતું. ઘણા શિક્ષિત ભાઈઓએ શરૂઆતમાં મહેનત મજૂરીનું જ કામ કરેલું. પાછળથી ગોરાઓને આ વસવાટીની શક્તિ ઉપર વિશ્વાસ બેસતાં, વખત બદલાતાં, વસાહતી ભાઈઓએ સારાં ઊંચાં સ્થાનો મેળવ્યાં. હજુ બહેનોનો આ દેશમાં વસવાટ ન હતો, તેથી બહેનોનો કામ કરવાનો પ્રશ્ન હજુ ઊભો થતો જ નહોતો.

૫૦ના દાયકામાં, ઉત્તરાર્ધમાં યુદ્ધમાં ખાક બનેલા બ્રિટનની તાસીર 'થર્ડ વર્લ્ડ' દેશોના 'મેન પાવર'થી બદલાવા લાગી. બ્રિટન રાખમાંથી રાષ્ટ્ર બનવા લાગ્યું. આ દાયકામાં બ્રહ્મદેશ - ફિજીમાંથી મૂળ કાંઠા વિસ્તારમાંના ભાઈઓ આવ્યા. સાઠના દાયકામાં કેન્યા, ટાનૂઝાનિયા જેવા પૂર્વ આફ્રિકાના દેશોને આઝાદી મળી. આ દેશોની વિદેશીઓ પ્રત્યેની નીતિ માનવ હકને છીનવી લેતી હોવાથી આ સમાજના લોકો આ દેશો છોડી બ્રિટન આવી સ્થાયી થયા. અહીં આવી તેઓ પૂર્વ આફ્રિકાના દેશો કરતાં વધુ સુખ, સમૃધ્ધિને વર્યા. ૧૯૭૨માં યુગાન્ડાના સરમુખત્યાર ઈદી અમીને એશિયનો ઉપર જુલ્મ ગુજારી પહેરેલે કપડે ત્યાંથી હાંકી કાઢ્યાં. બ્રિટને સહાનુભૂતિથી માનવતાવાદી રીતિથી એશિયનોને સહારો આપ્યો. વેપાર ધંધાના અનુભવી એશિયનોએ ખોટ ખાતા ધંધામાં પ્રાણ પૂરી ઉદ્યોગ ધમધમતાં ને ધીકતા કર્યા. બ્રિટનની સમૃધ્ધિમાં ઓર વધારો કર્યો. આજે બ્રિટનની મહાનગરોની કાઉન્સીલોમાં આ વસવાટી સમાજમાત્રના કાઉન્સીલરો, મેયરો બિરાજે છે. વેસ્ટ મિનસ્ટર પાર્લામેન્ટમાં આપણા એમ.પી.ઓએ, અત્યાર પૂર્વે, ૧૮૯૨માં દાદાભાઈ નવરોજીએ ચાતરેલા ચીલાને જીવંત રાખ્યો છે.

બીજા વિશ્વ યુદ્ધ વખતે વી.કે. કૃષ્ણ મેનન લંડનમાં હતા, અને કેમડન બરોના સેન્ટ પેન્ક્રાસ મત વિસ્તારના કાઉન્સિલર હતા. તેઓ લંડનમાં 'ઇન્ડિયા લીગ' ચલાવતા હતા. તે જ રીતે કોવેન્ટ્રીમાં અનંતરાય વગેરે 'ઇન્ડિયન એસોસિયેશન' ચલાવતા. આથી અમે પણ રમેશ પટેલ 'પ્રેમોર્મિ'ના વડપણ હેઠળ બ્રોમવીચમાં 'ગુજરાતી એસોસિયેશન'ની સ્થાપના કરી હતી. આ ગુજરાતીઓનું સર્વ પ્રથમ મંડળ બન્યું. આ મંડળ થકી ધાર્મિક, રાષ્ટ્રીય તહેવારો ઉજવાતા થયા. પરંતુ સમયાંતર સંજોગો બદલાતા, વસતી વધતાં વેસ્ટ મીડલેન્ડઝમાં વસતા આપણા આગેવાનોને લાગ્યું કે આ વેસ્ટ મીડલેન્ડઝનું એક સંયુક્ત મંડળ હોવું જોઈએ. આ વિચારને સાકાર કરવા ૧૯૬૪માં વુલ્વરહેમ્પ્ટનમાં એક જાહેર સભા મળી. તેમાં વેસ્ટ બ્રોમવીચ, વુલ્વરહેમ્પ્ટન, ડડલી, ટીપટન, વોલસોલ પરગણાંમાં રહેતા મૂળગત કાંઠા પ્રદેશમાંથી આવેલા ભાઈઓનું સંગઠન અસ્તિત્વમાં આવ્યું. તેના પ્રમુખ દાંડીના લાલભાઈ વલ્લભભાઈ પટેલની વરણી થઈ. પરંતુ તે વર્ષોમાં લોકો પાસે પોતાના વાહન-ટ્રાન્સપોર્ટ નહિવત. તે અને બીજી અગવડતાને લક્ષમાં લઈ ૧. વેસ્ટ બ્રોમવીચ-ટીપટન, ૨. ડડલી, ૩. વુલ્વરહેમ્પ્ટન ૪. વોલસોલ. આમ આ ચાર વિભાગમાં પોતાના અલગ અલગ સ્વાયત મંડળો રચાયાં, જે અભિગમ વધુ વ્યવહારુ અને વાસ્તવિક હતો.

સમયાંતરે વેસ્ટ બ્રોમવીચમાં રચાયેલ પ્રથમ મંડળને સ્થાને આ મંડળ વધુ સક્રિય બન્યું. અને આપણા સમાજનું તથા ગુજરાતીઓનું બ્રિટનનું પ્રથમ મંદિર તથા હોલનું નિર્માણ કરી શકાયું. પાછળથી આજ મંડળનું નામકરણ 'માંધાતા હિત વર્ધક મંડળ' થયું. અને એના દ્વારા શ્રીકૃષ્ણ મંદિરનું નિર્માણ થયું. જે મંદિરને અયોધ્યામાં બાબરી મસ્જિદના ધ્વંશ વખતે તે જ રાત્રે બાળવામાં આવ્યું. આજે આ મંદિર નવાં કલાત્મક ક્લેવરમાં સાકાર થયું છે. વુલવરહેમ્પ્ટનમાં ગુજરાતી એસોશિયેશન દ્વારા નવું આધુનિક કોમ્યુનિટી સેન્ટરનું નિર્માણ થયું. તેમાં સામાપોરના સ્વ. રતિલાલ બી. પટેલ (રતિલાલ માસ્તર)નો સિંહફાળો છે. તે જ રીતે વોલસોલમાં શ્રીરામ મંદિર સાથે કોમ્યુનિટી હોલનું નિર્માણ થયું, તેમાં ડાહ્યાભાઈ ઝીણાભાઈ (મૂળ મંદિર ગામ) તથા વલ્લભભાઈ બુધીભાઈ (આ. ફળિયા) અગ્રસ્થાને છે. આ બન્ને મહાનુભાવો ઉદ્યોગપતિઓ છે, અને દરિયાવદિલ દાતાઓ છે. તેમાં ડાહ્યાભાઈ ઝીણાભાઈ પોતે શિક્ષિત હોઈ, એમણે સમાજના ભાઈ-બહેનોનાં અંગત જીવનમાં સહૃદયતાથી માર્ગદર્શન પૂરું પાડ્યું છે. તેમણે ૧૯૬૪માં વુલ્વરહેમ્પ્ટન કાઉન્સિલની એજ્યુકેશન કમિટિમાં મહત્ત્વના હોદ્દા ઉપર રહી સેવા પ્રદાન કરી છે. ખૂબ જ સૌમ્ય પ્રકૃતિના, મિતભાષી સજ્જન આપણા સમાજનું ગૌરવ છે. યુનાઈટેડ કિંગ્ડમ કોળી જ્ઞાતિના 'માંધાતા સમાજ'ને નામે અનેક ગામોમાં મંડળો ચાલે છે, તે સૌના એકીકરણથી 'એસોસિયેશન ઓફ માંધાતા સમાજ યુ.કે.' અસ્તિત્વમાં છે. જે દ્વારા જ્ઞાતિનું મુખપત્ર "માંધાતા પ્રગતિ"નું પ્રકાશન થાય છે.

આ ઉપરાંત ગામડાંઓના પોતાના અલાયદાં મંડળો તેમ જ મોટા ભાગના ગામ તથા શહેરોમાં જ્ઞાતિવાર કે ધાર્મિક મંડળો ચાલે છે.

**કેનેડા :** ઉત્તર અમેરિકાની ધરતી આ વસવાટીઓ માટે હજુ વણખેડી પડી હતી. પરંતુ પંજાબી-શીખ ભાઈઓનો વસવાટ ત્યાં મોટી સંખ્યામાં હતો. ખાસ કરીને ટોરોન્ટોની બાજુમાં બ્રામ્પ્ટનમાં, વિનિપેગ તથા વાનકૌરમાં વિશેષ. આજે ત્યાંની પ્રોવિન્સીઅલ અને નેશનલ એસેમ્બ્લીમાં આપણા શીખ ભાઈઓની સંખ્યા સારા પ્રમાણમાં છે.

૧૯૬૦ની આજુબાજુના અરસામાં બ્રિટનના અખબારોમાં કેનેડા ઓસ્ટ્રેલિયાની કંપનીઓને કોઈ પણ જાતના સ્કીલ્ડ કામ માટે તથા પ્રોફેશ્નલ ટ્રેડ માટે માણસની જરૂર છે, એ પ્રકારની વેકેન્સીઓની જાહેરાતો આવતી. ઈન્ટરવ્યુ માટે જે તે ગામ, શહેરમાં મુકરર કરેલી હોટેલોનાં સરનામાં સાથે જરૂરી વિગતો આવતી. જવા માટે એરફેર, ત્યાં જઈ રહેવાની આવાસની સગવડ, વગેરે માહિતી આવતી. ગોરાઓ મોટા પ્રમાણમાં ઈમીગ્રાન્ટ થતા. બોરી ફળિયાના ગિજુભાઈ પટેલ ૧૯૬૪ની આજુબાજુમાં ગયા. ત્યારબાદ કરાડીના રમણભાઈ ડી. મૂળચંદ ૧૯૬૭માં ગયા. પરંતુ સૌથી પહેલાં જનારાઓમાં દક્ષિણ આફ્રિકાના છીબુભાઈ ભાણા આવે છે. છીબુભાઈનો જન્મ દક્ષિણ આફ્રિકામાં થયેલો. તે ૧૯૪૯ની આજુબાજુમાં ભારત વધુ અભ્યાસ માટે ગયા હતા. સુરતની 'જીવન ભારતી'માંથી એસ.એસ.સી. પાસ કરી, કોમર્સ કોલેજમાંથી બી.કોમ કરી. મુંબઈમાં પણ તેમણે કોલેજ કરી હતી. તે ફરીથી ૧૯૫૮માં દક્ષિણ આફ્રિકા ગયા. ત્યાં રંગભેદને કારણે અપમાનિત ભેદભાવનો કડવો અનુભવ થયો. આથી તે ૧૯૬૦ની આજુબાજુમાં કેનેડા ગયા. ત્યાં પણ તેમને સંઘર્ષ તો કરવો જ પડ્યો, અંતે શિક્ષકની નોકરી સ્વીકારી, સાથેસાથે સમાજ સેવાના કામો પણ કરતા ગયા. મોરારિબાપુ કેનેડાના ટોરોન્ટો શહેરમાં રામ કથા માટે જાય ત્યારે એમનો ઉતારો છીબુભાઈના ઘરે જ હોય છે. બીજા જનારામાં ઝાંબિયા સ્થિત અલુરીઆ, મટવાડના સ્વ. રણછોડભાઈ રામજીભાઈ ભાણા હતા. આજ અરસામાં દક્ષિણ આફ્રિકાથી થોડા ભાઈઓ કેનેડા ગયા. ૧૯૭૨ની સાલમાં, આ સમાજના ભાઈઓ એકીસાથે મોટી સંખ્યામાં કેનેડા ગયા, ત્યારે છીબુભાઈએ તે સૌને સારી મદદ કરી હતી.

શરૂઆતમાં મહેનત મજૂરી કરનારો વર્ગ હતો. વખત જતાં ઈંગ્લેન્ડની પેઠે ત્યાં પણ બીજી પેઢી ઉચ્ચત્તર શિક્ષણ પામી છે. સારા હોદ્દા ઉપર પહોંચી છે. રમત ગમતના ક્ષેત્રે સારી પ્રગતિ કરી છે. તેમાં ક્રિકેટની રમત મુખ્ય છે. મોન્ટ્રીઅલમાં રહેતા આટ ગામના અરવિન્દભાઈ જસમતભાઈ પટેલ પોતે ગ્રેજ્યુએટ છે. ક્રિકેટની રમતના એમ્પાયરીંગ માટે એમણે સ્પેશ્યલ કોર્સ કરી ઈન્ટરનેશનલ ધોરણે એમ્પાયર તરીકે સેવા આપી છે. તદુપરાંત કેનેડામાં લોહીના સંબંધને નાતે સ્પોન્સર કરવાથી તથા ઉચ્ચ શિક્ષણ અંતર્ગત દેશથી મોટી સંખ્યામાં યુવાન વર્ગ કેનેડામાં પ્રવેશ મેળવી શક્યો. કેનેડા ઊગતો, નવો વિકસતો વિશાળ ભૂમિક્ષેત્ર ધરાવતો દેશ હોવાથી નવી તકોનો દેશ છે. વિશાળ મોકળાશવાળાં ઘરો અને આધુનિક સગવડ સુવિધાથી સજ્જ હોઈ, રહેવું આરામદાયક લાગે, પરંતુ લાંબો, સખત ઠંડીભર્યો શિયાળો ગાત્ર થરથરાવે છે ખરો !

**મોન્ટ્રીઅલ :** મોન્ટ્રીઅલ ક્યૂબેક પ્રાંતની, ફ્રેન્ચ ભાષાની બોલચાલવાળું નદીના બેટ ઉપર વસેલું રમણીય શહેર છે. કાંઠા પ્રદેશમાંથી વસવાટી રૂપે આવેલા ભાઈઓ અહીં મોટા પ્રમાણમાં વસે છે. પહેલાં કેથરિન સ્ટ્રીટ ઉપર આવેલા એપાર્ટમેન્ટમાં તેમનો ઉતારો હતો. વસતી વધતાં, સ્થિતિપાત્ર બનતાં આ વસાહત લસાલ, લવાલ, લેચીન જેવા સારા વિસ્તારમાં પથરાઈ ગઈ. પરંતુ આ વસાહતનું મિલન સ્થળ રહ્યું 'શ્રી માંધાતા રામજી મંદિર'. આ મંદિર અગાઉ સામાન્ય મકાનમાંથી મંદિરનું સ્વરૂપ લીધું. વસતી વધતાં, જરૂરિયાત વધતાં આજે ભવ્ય ઈમારત બાંધવાનો પ્રોજેક્ટ હાથ ધર્યો છે. આમ જનતાનો જે સમૂહ જરા અતડો રહે છે, તેમણે થોડું હકારાત્મક વલણ રાખી, સક્રિય સહયોગ આપી ઉદારતાથી દાનનો પ્રવાહ વહેવડાવવાની જરૂર છે. સંસ્થાના હાલના અને ભૂતપૂર્વ સંચાલકોમાં હરીશભાઈ, રવીન્દ્રભાઈ, નવનીતભાઈ વગેરે સૌ અથાગ મહેનત કરે છે. આ પ્રોજેક્ટ પરિપૂર્ણ થશે ત્યારે જનતાના સંપ સહકાર અને સંકલ્પથી સર્જાયેલું એક પ્રતીક બનશે, અને આજની તથા આવનારી પેઢીના સામાજિક ધાર્મિક પ્રસંગો-ઉત્સવોની ઉજવણી માટે આશીર્વાદરૂપ બની રહેશે.

**ટોરોન્ટો :** ટોરોન્ટોમાં મકાન વગેરે મોન્ટ્રીઅલ કરતાં થોડાં ઘણાં મોંઘાં. અંગ્રેજી ભાષા બોલતીચાલતી પ્રજા હોઈ, આંતરરાષ્ટ્રીય સ્તરે તેમનું મહત્ત્વ વધુ. અહીંનાં પરાંઓમાં આપણી તથા પંજાબીઓની સંખ્યા વિશેષ. બ્રામ્પ્ટનમાંથી ફેડરલ સરકારમાં પંજાબીઓની સંખ્યા વિશેષ. બ્રામ્પ્ટનમાંથી ફેડરલ સરકારમાં પંજાબીઓનું પ્રતિનિધિત્વ અને પ્રભાવ વિશેષ. અહીં વર્ષોથી 'હિન્દુ-ગુજરાતી કલ્ચરલ એસોસિયેશન' સરસ રીતે ચાલતું. પોતાના ભવ્ય, વિશાળ હોલ હતા. પણ થોડી લાપરવાહીને કારણે હોલ સ્વામી નારાયણ સંપ્રદાય સંસ્થાને વેચવો પડ્યો. અહીં સ્વામી નારાયણ સંસ્થાના સ્વામી હરિપ્રસાદજીના અનુયાયીઓ ઘણી મોટી સંખ્યામાં છે. પ્રમુખ સ્વામી પંથીઓ પણ મોટી સંખ્યામાં છે, જેઓના મંદિર બેમુલ હોય છે. બહારથી કલાત્મક રીતે કંડારેલા પીક પથ્થર અને અંદરના ભાગે આરસને માખણની જેમ લસોટી લસોટીને કંડારેલી દેવ દેવીઓની મૂર્તિઓ. અહીંના ગુજરાતી સાહિત્ય વર્તુળ, 'શબ્દ સેતુ' નામે ખૂબ જ પ્રવૃત્ત છે. ગુજરાતી ભાષાના ડાયસ્પોરાની કૃતિઓનું અહીં નિયમિત વાચન પઠન થાય છે. સાહિત્યકારો સાથે મર્મગોષ્ટિ યોજાય છે. અહીંનું પાંચ માળી અંડર-ગ્રાઉન્ડનું શોપીંગ સેન્ટર એક અજાયબી છે.

**અમેરિકા :** અમેરિકા જવામાં સૌથી પ્રથમ કોથમડીના કલ્યાણજીભાઈ પટેલ (ગોબાઈવાળા) છે. એઓ સૌ પ્રથમ વધુ અભ્યાસ માટે ૧૯૪૯માં અમેરિકા ગયા હતા. શાંત સ્વભાવના કલ્યાણજીભાઈ મિતભાષી, ખૂબ તેજસ્વી બુધ્ધિમતા ધરાવે છે. અભ્યાસ પૂરો કરી ત્યાં જ સ્થાયી થયા છે. હવે તો ઘણી મોટી સંખ્યામાં આપણા સમાજના પ્રોફેશનલ ભાઈ-બહેનો ઊંચા હોદ્દાઓ પર છે. પરંતુ વિશાળ દેશમાં બધા પથરાઈ ગયાં છે.

[35, Cleeve View Road, CHELTENHAM, Gloucestershire
GL52 5NJ, U.K.]

•••••••••••••••••••••••••••••••••••••••

**(અનુસંધાન પાનાં 17 પરેથી)**

રહ્યો હતો, ત્યારે ઉગ્રવાદીઓએ તેને વીંધી નાખ્યો. ત્યાર પહેલાં એક કારમાં બોમ્બ ફાટતાં એક પોલીસને ગંભીર ઈજા પહોંચી હતી. તેના અઠવાડિયા પહેલાં દાઘેસ્તાનના વિદેશ નીતિ અને માહિતી ખાતું સંભાળતા મંત્રી પર ખૂની હુમલો થયો હતો, જેમાંથી મંત્રી તો બચી ગયા પણ તેમનો ડ્રાયવર માર્યો ગયો અને બે અંગરક્ષકો ઘાયલ થયા. સપ્ટેમ્બરના આરંભે દાઘેસ્તાનમાં આવેલી એક સૈન્યછાવણી પર સુસાઇડ કાર બોમ્બિંગના હુમલામાં પાંચ જવાન મૃત્યુ પામ્યા અને ૪૦ ઘાયલ થયા. ત્રાસવાદવિરોધી દળના વડાની હત્યા પછી ગયા રવિવારે રશિયાની પોલીસના સ્પેશ્યલ ઓપરેશનમાં માખાચકલામાં ૧૦ ઉગ્રવાદીઓને ઠાર કરવામાં આવ્યા.

બન્ને પક્ષો એકબીજાના અંતિમવાદી વલણ વિશે ફરિયાદ કરી રહ્યાં છે - અને કદાચ બન્ને પક્ષ સાચા છે, પણ તેમની વાત સાચી હોય તેનાથી ખૂનામરકીનો અંત આવતો નથી. તે આગળ વધતી રહે છે. રસૂલ હમઝાતોવે લખ્યું હતું, 'બીજા બધા દેશોનો ઈતિહાસ લોહી ઉપરાંત શાહીથી પણ લખાયેલો છે, જ્યારે દાઘેસ્તાનને એ મોકો વીસમી સદીમાં પહેલી વાર મળ્યો.' પરંતુ લાગે છે કે માંડ મળેલો એ મોકો એકવીસમી સદીના આરંભે જ હાથથી સરી રહ્યો.

દાઘેસ્તાનના પહાડી લોકોમાં કહેવાય છે કે 'અમારા પહાડોની જડીબુટ્ટીઓથી ન મટે એવો કોઈ રોગ દુનિયામાં છે જ નહીં.' પરંતુ લાગે છે કે રાજકીય અશાંતિ, સુસાઇડ બોમ્બિંગ અને ઉગ્રવાદ એવા રોગ છે, જેની જડીબુટ્ટીઓ કોઈ પહાડ પર ઊગતી નથી. રસૂલ હમઝાતોવના દાઘેસ્તાનમાં પણ નહીં.

(Tuesday, September 21, 2010)

સદ્ભાવ : લેખકના બ્લૉગ

- **http://www.urvishkothari-gujarati.blogspot.com/**